## હૃદયને ગાતા ગીતો

### દેખો મૌસમ ક્યા બહાર હૈ




દેખો મૌસમ, ક્યા બહાર હૈ, સારા આલમ, બેકરાર હૈ
ઐસે મેં ક્યું હમ, દીવાને હો જાયે ના
દેખો મૌસમ, ક્યા બહાર હૈ, સારા આલમ, બેકરાર હૈ
ઐસે મેં ક્યું હમ, દીવાને હો જાયે ના
છલકી-છલકી ચાંદની ભી હૈ, હલકી હલકી બેખુદી ભી હૈ
ઐસે મેં ક્યું હમ યહી પર ખો જાયે ના
ઠંડી ઠંડી રેત મેં જલવોં કી બરસાત હૈ
ક્યા મસ્તાના હે સમાં ક્યા મતવાલી રાત હૈ
ઠંડી ઠંડી રેત મેં જલવોં કી બરસાત હૈ
ક્યા મસ્તાના હૈ સમાં ક્યાં મતવાલી રાત હૈ
હો ઓ હો સો સપને બિખરે મોડ મોડ પે, આ કે નૈના જોડ જોડ કે
ઐસે મેં ક્યું હમ યહીં પર ખો જાયે ના
ગાતી સી હર સાંસ મેં બજતી સી શહેનાઇયાં
સાચા દિલ પે ડાલતી તારોં કી પરછાઇયાં હો ઓઓ
ઝાંખે ચંદા, આસમાન સે છેડે હમકો જાન-જાન કે
ઐસે મેં ક્યું હમ યહીં પર ખો જાયે ના
દેખો મૌસમ ક્યા બહરા હૈ, સારા આલમ બેકરાર હૈ
ઐ સે મેં ક્યું હમ દીવાને હો જાયે ના
દરિયા કી હર મૌજ મેં અરમાનો કા જોર હૈ
દિલવાલો કે ગીત કા હલકા-હલકા શોર હૈ
દરિયા કી હર મૌજ મેં અરમાનો કા જોર હૈ
દિલવાલો કે ગીત કા હલકા-હલકા શોર હૈ હો ઓ
લહરે ડોલે, ઝૂમ ઝૂમ કે, સાહિલ કા મુહ ચૂમ ચૂમ કે
ઐસે મેં ક્યું હમ દીવાને હો જાયે ના
દેખો મૌસમ ક્યા બહાર હૈ, સારા આલમ બેકરાર હૈ
ઐસે મેં ક્યું હમ, દીવાને હો જાયે ના

**ગીત :** મજહુર સુલતાનપુરી, **સ્વર :** મુકેશ-લતા **સંગીત :** ચિત્રગુપ્ત, **ફિલ્મ:** આપેરા હાઉસ, **દિગ્દર્શક :** પી.એલ.સંતોષી **વર્ષ :** 1961. **કલાકારો:** અજીત, બી. સરોજદેવી, કે એન. સીંઘ, બેલાબોઝ, લલિતા પવાર, જહોની વિસ્કો, મારુતી રાવ.



છે તો આ બે પ્રેમીઓ વડે ગવાતું ગીત અને તેમાં એ છે કે આખી પંકિત કોઇ એકની નથી, વહેંચલી છે. આના કારણે ગીતમાં એક પ્રકારની ગતિ અને ઉલ્લાસ અનુભવાય છે. 'દેખો મૌસમ' હજું આટલું જ પ્રેમી બોલો અને ત્યાં 'ક્યા બહાર હૈ' સાદ આવે. 'સારા આલમ' હજુ ગાય ત્યાં 'બેકરાર હૈ' શબ્દો આવી પડે. પ્રેમમાં હોઈએ તો એકબીજાનાં લયમાં હોઈએ એક બીજાનાં મનમાં શું ચાલે છે તેની ખબર હોય, એટલે એમ ગવાય કે જો તો ઋતું કેવી છે? સામે કહે અરે શું મસ્ત વસંત છે આખું જગત વ્યાકુળ છે. બે હૈયાની જ વાત છે. પણ પ્રેમીઓને લાગે કે સારા આલમ બેકરાર હૈ, હવે આટલું બધું છે તો શા માટે આપણે ઘેલા ન થઈએ! પોતે જ પોતાની પાસે પરવાનગી માંગે અને મેળવે. પ્રેમીઓના બદમાશી તો હોય ને ! બંને વચ્ચે જાણે પ્રેમક્રીડા ચાલી રહી છે અને તે આગળ વધે છે. 'છલકી છલકી ચાંદની ભી હૈ' 'હલકી હલકી બે ખુદી ભી હૈ. ... ઐસે મેં ક્યું હમ યહી પર ખો જાયેના' છલકાઈ ગઈ હોય, ચોતરફ ફેલાઈ ગઈ હોય એવી ચાંદની પણ છે. હળવી હળવી આત્મવિસ્મૃતિ બેખબરી પણ છે. તો એવામાં શા માટે આપણે અહીં ખોવાય ન જઈએ! પ્રેમમાં હો ત્યારે આખી પ્રકૃતિ તમારી સાથે હોય, તમારા માટે જ તેણે રૂપ ધર્યું હોય અને તે અનુભવાય એટલે પ્રેમીઓને થાય કે પ્રકૃતિ જ આપણો સંગાથ ઈચ્છે છે. આ ગીતમાં અંતરો શરૂ થાય અને લય બદલાય જાય છે. ગાયકી બદલાય જાય છે. એક પ્રકારની રવાની આવીજાય છે. 'ઠંડી ઠંડી રેત મેં જલનો કી બરસાત હૈ/ ક્યા મસ્તાના હૈ સમાં ક્યા મતલવાલી રાત હૈ....'

બંને એકદમ લહેરાય રહ્યા છે. ઠંડી ઠંડી રેતીમાં જાણે ચમક છે દિપ્તીનો વરસાદ છે. ચાંદની છલકાતી હોય ત્યાં રેતીમાં ય ચમક હોવાની જ રાત્રે રેતીનું સૌંદર્ય ખીલી ઉઠે છે. એ જોઈને પ્રેમીઓ છલકી ઉઠે છે કે શું મસ્તાની આબોહવા છે ને કેવી મદમસ્ત, નશામાં ચૂર હોય એવી રાત છે. હો ઓઓ.. સપને બિખરે મોડ મોડ પે, આકે નૈના જોડ જોડ કે.. ઐસે મેં ક્યું હમ દીવાને હો જાયે ના... 'દરેક વળાંકે સપના વિખરાયેલા પડયા છે. જયાં જુઓ ત્યાં સપના જ સપના છે. બેઉ આંખો મળવાનો આ જાદુ છે એ જ ન મળી હોત તો આ સપના ઓ ન હોત! હવે તમે જ કહો એવામાં કેમ દીવાના ન થઈએ.... પ્રેમનો અનુભવ શું છે તે તો પ્રેમમાં અને યુવાન હો ત્યારે પ્રેમમાં પડયા હોય તો જ અનુભવાય. એ પ્રેમ હો ત્યારે જાણે દરેક શ્વાસ ગાતો અનુભવાય અને એ શ્વાસમાં શરણાઈઓ બજતી હોય એવું લાગે. અને એવું ય લાગે કે તારાઓના પડછાયા દિલ પર પડી રહ્યાં છે. મજરૂહ સાહેબ પ્રેમ અને જાણે આખા બ્રહ્માંડને જોડી રહ્યાં છે. તેમની કલ્પનામાં અત્રોચર તત્ત્વો પણ ગોચર થાય છે. તારાઓના પડછાયા હૃદય પર પડેએવું સૂક્ષ્મ સંવેદન તેઓ જ લખી શકે. પ્રેમીઓને લાગે છે કે આકાશમાંથી ચંદ્ર આપણને જોઈ રહ્યો છે. અને આપણને બરાબર જાણી સમજીને છેડી રહ્યો છે. તો આપણે શું કામ પાછા પડીએ. આપણે પ્રેમ તો આ પ્રકૃતિની ઈચ્છા છે.

છેલ્લા અંતરામાં સમુદ્ર છે ગાય છે કે દરિયા કી હર મૌજ મેં અરમાનો કા શોર છે દિલવાલોં કે ગીત હલકા હલકા શોર છે. દરિયાનાં જો મોજા ઉછળી રહ્યા છે તે તો પ્રકૃતિની વિરાટ જીવનલીલા રૂપે છે. તેનાં દરેક મોજાઓમાં ઈચ્છાઓનું ઝંખનાનઓનું જોર છે. અને હૃદયવાળાઓના ગીતનો હળવો હળવો શોર છે. દરિયાની મૌજ એકલી નથી તેમાં પ્રેમીઓનાં ગીતનો શોર છે. જો આમ હોય તો પછી 'લહરેં ડોલે ઝૂમ ઝૂમ કે સાહિલ કા મુંહ ચૂમ ચૂમ કે ...જ થાય અહીં મોજાને તેમણે લહેર તરીકે ઓળખાવી છે. પ્રેમનો માહૌલ હોય તો મોજાઓ મોજા ન રહે, પ્રેમમાં લહેરાયને લહેર થઈ જાય અને હા, લહેરો ઝૂમી ઝૂમીને એટલે ડોલે છે કે કિનારાનું મોઢુ ચુમવા મળે છે. પ્રકૃતિતના રૂપો પાસેથી પ્રેમની વાત કેવી રીતે કઢાવી શકાય તે પણ મજહુર પાસે શીખવું પડે.

ચિત્રગુપ્તે એટલે મદમસ્ત ધૂન બનાવી છે કે આખા ગીતમાં જાણે પ્રેમની મસ્તી છલકાયા કરે છે મુકેશ અને લતાજી બંને અનેક યુગલગીતોમાં નિખર્યા છે તેમ અહીં નિખર્યા છે. આ ગીત ફિલ્મનાં અજિત અને બી-સરોજદેવી પર ફિલ્માવાયું છે. બી.સરોજદીવીની આ પહેલી હિન્દી ફિલ્મ હતી. ●

# અમૃતકુંભની શોધમાં હતા બિમલ રોય



બિમલરોય જેવા ફિલ્મસર્જકને યાદ કરો તો થાય કે તેઓ ન હોત, મહેબુબખાન, રાજકપૂર, ગુરુદત્ત, બી. આર.ચોપરા કે આસિફ, ઋષિકેશ મુખરજી વગેરે ન હોત તો આજે સિનમાના જે સુવર્ણયુગની વાત કરીએ છીએ તે કરી ન શકતા હોત. તેઓ પૂરેપૂરા ફિલ્મના માણસ પણ ફિલ્મવાળાઓને હોય તેવી ખોટી આદતોથી મુક્ત રહ્યા. તેમના શિષ્યો ઋષિકેશ મુખરજી, ગુલઝારમાં પણ જોવા મળ્યા. બિમલદાને સિગરેટ પીધા વિના ચાલતું ન હતું. પણ 'દેવદાસ' બનાવનાર આ દિગ્દર્શક -નિર્માતાએ કયારેય દારૂને હાથ ન લગાડયો. જુદી જુદી ભાષા સહિત 'દેવદાસ' વીસ વાર બની હશે પણ બિમલરોયની સર્વોત્તમ છે. ગુલઝારે ધર્મેન્દ્ર, હેમામાલિનીને લઈ 'દેવદાસ'ની યોજના બનાવી પણ આગળ નહોતી વધારી કારણકે તેઓ સજી ગયા હતા કે ગુરુની શ્રેષ્ઠતાને આંબવી મુશ્કેલ પડશે.

બિમલરોયને યાદ કરો તો 'દો બીઘા જમીન' 'બંદિની' 'સુજાતા' અને 'દેવદાસ' તરત યાદ આવે અને 'મધુમતી' 'યહુદી'ની સ્મૃતિ પણ જાગે. જુદા જુદા વિષય પ્રમાણે જુદી ટ્રીટમેન્ટ અને બધી જ ફિલ્મમાં સંગીતનું ઊંચું સ્તર. સચિનદેવ બર્મન અને સલીલ ચૌધરી તેમના મનપસંદ સંગીતકાર શંકર-જયકિશનને પણ સ્થાન છે. 'ઉદયયેર પાર્થે' (હિન્દીમાં 'હમરાહી') ફિલ્મથી શરૂઆત થઈ અને જે ફિલ્મ બનાવવાની તૈયારી દરમ્યાન મૃત્યુ આવી ગયું તે હતી સમરેશ બસુની નવલકથાનું ફિલ્મ રૂપ જેમાં કુંભમેળામાં અમૃતની શોધ માટે જતાં ભારતીય મનની કથા કહે છે. તેમની 'હમરાહી' ફિલ્મનો આધાર લઈને પ્રમોદ ચક્રવર્તીએ ધર્મેન્દ્ર, હેમામાલિની, પ્રાણને લઈ 'નયા જમાના' બનાવેલી. 'બંદિની' અને 'સુજાતા'ની કે 'દો બીંઘાં જમીન'ની રિમેક કોઈ ન બનાવી શકે. સ્ત્રીના મનના એકાંતના પ્રેમના પવિત્ર તત્ત્વને આ ફિલ્મમાં જે રીતે તેમણે રજૂ કર્યું તે બીજા ન કરી શકે.'દેવદાસ'માં એવા પુરુષની વાત છે જેણે પારોનો જ પ્રેમ પામવો હતો ને ન પામી શક્યો તો જીવનને રઝળાવી કાઢયું. નષ્ટ કરી નાંખ્યું. 'જેના પ્રેમથી હું જીવન અનુભવું તે પ્રેમ જ ન મળે તો ધિક્કાર છે આ મને મળેલા શરીરને, ખતમ કરો તેને એવો ભાવ દિલીપકુમારના પાત્રમાં બિમલ રોયે જીવંત કર્યો. અસ્પૃશ્યતાની વાત 'સુજાતા'માં હૃદયદાહક પ્રસંગ અને પ્રેમથી પ્રગટ કરી. નૂતનના જીવનની બે ઉત્તમ તક ભૂમિકા તે 'બંદિની'ની કલ્યાણી અને 'સુજાતા'ની સુજાતા. પણ 'બિરાજ બહુ' પણ તેમની જ ફિલ્મ છે જે શરદબાબુની નવલકથા પરથી જ બનેલી અને કામિની કૌશલ, અભિ ભટ્ટાચાર્ય એ ફિલ્મમાં હતા. અરે, શરદબાબુની જ નવલકથા પરથી તેમણે 'પરિણીતા' પણ બનાવેલી, જેમાં મીનાકુમારી-અશોકકુમાર હતાં અને એ ફિલ્મના નિર્માતા અશોકકુમાર હતા. વર્ષો પછી એ ફિલ્મની રિમેક બની તે પણ એવી જ પ્રેક્ષક પસંદ બની.

સાહિત્યકૃતિ પરથી ફિલ્મો બનાવવી સરળ નથી. જરાસંઘ નામના બંગાળના લેખક કે જે મૂળ જેલર હતા અને જેલનાં કેદીઓનાં અપરાધનાં સંઘર્ષ-મંથન તેમણે માનવીય ભૂમિકાએ આલેખેલા. 'બંદિની' તેમાંની જ એક સ્ત્રી અપરાધની કથા હતી. જે જરાસંઘ 'તામસી' નામે લખી હતી. ફિલ્મ જોતાં આપણા મનમાં નૂતનના અશોકકુમાર માટેના પ્રેમ પ્રત્યે જે ભાવ જાગે છે તે અધ્યાત્મ તરફ દોરવે તેવો છે. સાહિત્યકૃતિનું રૂપાંતરણ તેઓ ઉત્તમ કરી શકતા એટલે જ શરદબાબુની ત્રણ નવલકથા પરથી ફિલ્મ બનાવી. તેમણે હંમેશ ઉત્તમ સાહિત્ય કૃતિનો આધાર લીધો છે. 'હમરાહી' નો આધાર જ્યોતિર્મય રોયની વાર્તા હતી. 'અંજારગઢ' ફિલ્મ સુબોધ ઘોષની વાર્તા પરથી બનેલી 'મંત્રમુગ્ધ' (બંગાળી) નો આધાર બનફૂલની વાર્તા છે. 'દો વીંઘા જમીન' સલીલ ચૌધરીની વાર્તા અને ઋષિકેશ મુખરજીની પટકથા આધારે બનેલી. 'પરિણીતા' 'બિરાજબહુ' 'દેવદાસ'ની વાત તો કરી. 'નોકરી' ફિલ્મ સુબોધ ઘોષની વાર્તા, 'મધુમતી' ઋત્વિક ઘટકની વાર્તા-પટકથા, 'યહુદી' આગા જાની કાશ્મીરીની વાર્તા, 'સુજાતા' સુબોધ ઘોષની વાર્તા 'પરખ' સલીલ ચૌધરીની વાર્તા પરથી બની છે.

**યાદોં કી બારાત**

બિમલદાનું અંગત જીવન પણ રસપ્રદ છે. તેમના કુટુંબનાં સભ્યો લંપટ અને દારૂડિયા તરીકે જાણીતાં હતાં. બિમલદાએ દારૂ ન પીધો. પણ સિગરેટ તો ફેફસાંનું કેન્સર થયું તો પણ છોડી નહોતી. રાત્રે બધા સૂઈ ગયા હોય ત્યારે તેઓ જાગી જતાં અને આરામથી સિગરેટ પીતાં. મૃત્યુ સામે હતું અને તેઓ સિગરેટનાં કશમાં લીન હતા. બિમલદા પિતા તરીકે કેવા હતા તેનો એક પરિચય તેમની દીકરી રિંકી બાસુ ભટ્ટાચાર્યના પ્રેમમાં પડી ત્યારે થાય છે. બાસુ ભટ્ટાચાર્ય બિમલદાના સહાયક હતા અને બિમલદાને આ લગ્ન મંજૂર નહોતા એટલે રિંકી બાસુએ શૈલેન્દ્રની મદદથી લગ્ન કરેલા. બિમલદાના ગમતા ગીતકાર શૈલેન્દ્ર હતા અને તેથી તેઓ શૈલેન્દ્ર પ્રત્યે નારાજ થઈ ગયેલા. એ શૈલેન્દ્રે તો પોતાના વડે નિર્મિત એક માત્ર ફિલ્મ 'તિસરી કસમ'નું દિગ્દર્શન પણ બાસુ ભટ્ટાચાર્યને સોંપલું. જો કે રિંકી-બાસુ ભટ્ટાચાર્યનો લગ્ન સંબંધ તૂટી ગયો ત્યારે સમજાયું કે બિમલદાની સંબંધની અને વ્યકિતની પરખ યોગ્ય હતી. બિમલરોયને કુંભમેળાનો વિષય ખૂબ પ્રિય હતો. બિમલરોય પ્રોડકશનનું પ્રતીક ચિહ્ન મુંબઈના રાજાબાઈ ટાવરની ઘડિયાળ હતું. સમય શું છે તે તેઓ સતત સમજતા રહ્યા. કુંભમેળામાં જનારો ભારતીય માણસ એક સાથે વિતેલા સમયને અને આવનારા સમયને પણ અનુભવે છે. મૂળ નવલકથા અત્યંત દળદાર હતી. બિમલદા એ વાંચતા ગયા અને જે જે વાત પટકથામાં લાવવાની હોય ત્યાં ટાંકણી સાથે કાપલી લગાડતા ગયા. કાપલી એટલી બધી થઈ ગયેલી કે પુસ્તક આખું ફાટી જાય એમ હતું. બિમલ રાય ખૂબ ઝીણવટથી નવલકથાને પકડતા એટલે જ 'બંદિની 'સુજાતા' અને દેવદાસ' બની છે. છેલ્લી ફિલ્મ ન બની અને પછી કોઈ ન બનાવી શક્યું. બિમલ રોયની કલ્પના સાકાર કરવા બિમલરોય જોઈએ તે ક્યાંથી લાવવા? ●

**બિમલરોયને યાદ કરો તો 'દો બીઘા ઝમીન' 'બંદિની' 'સુજાતા' અને 'દેવદાસ' તરત યાદ આવે અને 'મધુમતી' 'યહુદી'ની સ્મૃતિ પણ જાગે. જુદા જુદા વિષય પ્રમાણે જુદી ટ્રીટમેન્ટ અને બધી જ ફિલ્મમાં સંગીતનું ઊંચું સ્તર. સચિનદેવ બર્મન અને સલીલ ચૌધરી તેમના મનપસંદ સંગીતકાર શંકર-જયકિશનને પણ સ્થાન છે.**




# મનોજકુમારની 'રોટી, કપડાં ઔર મકાન'માં મનોરંજનનો ભરપૂર મસાલો હતો

મનોજકુમારની ફિલ્મોમાં એકથી વધુ પાત્રો હોય અને બધાં જ જાનદાર હોય. 'રોટી કપડાં ઔર મકાન'બનાવી ત્યારે તો મોટા સફળ નિર્માતા-દિગ્દર્શક બની ચૂકયા હતા એટલે તેમાં મનોજકુમાર ઉપરાંત શશી કપૂર, અમિતાભ બચ્ચન છે. ઝિન્નત અમાન અને મૌસમી ચેટરજી છે અને પ્રેમનાથ અરુણા ઇરાની છે. મનોજકુમાર બ્રેન્ડની ફિલ્મોમાં દેશભક્તિ તો હોય જ પણ સાથે તેઓ પ્રેમત્રિકોણ પણ હંમેશા રચતાં. મનોજકુમાર હંમેશા મધ્યમવર્ગીય સમસ્યાવાળા હોય પણ ઊંચાં સ્વપ્ન સાચાં કરવાની મથામણમાં હોય. આવા પાત્ર પ્રત્યે પ્રેક્ષકને સહાનુભૂતિ જાગે જ. આ ફિલ્મમાં પણ તે ત્રણ ભાઈમાં મોટો ભાઈ છે અને પિતા રિટાયર થતાં ઘરની આર્થિક જવાબદારી તેના માથે આવી જાય છે. ભારત (મનોજકુમાર)ના બે નાનાભાઈ વિજય (અમિતાભ બચ્ચન) અને દીપક (ધીરજકુમાર) કોલેજ કરી રહ્યા છે. તેને ચંપા (મીના ટી.) નામની બહેન પણ છે, પરણવાની ઉંમરમાં છે. ભારત આમ તો કોલેજ ગ્રેજ્યુએટ છે પણ નોકરી નથી, ગાયક તરીકે તે થોડી કમાણી કરી લે છે પણ તે અપૂરતી છે. શીતલ (ઝિન્નત અમાન) સાથે તેને પ્રેમ છે પણ શીતલ એ વાત હતાશ છે કે ભારત વધુ કમાતો નથી.

ભારત પોતે હતાશ છે અને હારેલો છે અને સંજોગોમાં તેની સામે જવા માંડે છે. નાનોભાઈ વિજય અપરાધની દુનિયામાં ચાલી જાય છે. ભરતને આ બિલકુલ મંજૂર નથી. આખર લાંબી દલીલ પછી તે સેનામાં ભરતી થવા માટે ઘર છોડી દે છે. બીજી તરફ ભારતની પ્રેમિકાએ પણ જીવન તો આગળ જીવવાનું છે એટલે તે મોહનબાબુ (શશીકપૂર)ની ઓફિસમાં અંગત સેક્રેટરી તરીકે કામ કરવા માંડે છે.આ કામ દરમ્યાન તે મોહન તરફ આકર્ષાય છે અને આ આકર્ષણનું કારણ મોહન પાસે જ ખૂબ પૈસો છે તે છે. તે ભારતને પ્રેમ તો કરે છે પણ ગરીબીમાં જીવવા નથી માંગતી. (તેરી દો ટકિયા કી નૌકરી મેં મેરા લાખોં કા સાવન જાયે. હાય હાય યે મજબૂરી). ભારતને પણ એક બિલ્ડરને ત્યાં નોકરી મળે છે પણ જે જમીન પર બિલ્ડિંગ બની રહ્યું છે તે જમીન સરકાર લઇ લે છે.ભારત ફરી નોકરી વિનાનો થઇ જાય છે. પ્રેમિકાને તો ગુમાવી છે અને આ દુ:ખમાં વધારો કરવા જ ઇશ્વરે ગોઠવ્યું હોય તેમ પિતા પણ ગુમાવે છે. તે હતાશ થઇ પિતાની ચિતા પર જ પોતાને મળેલી ડિગ્રી સળગાવી દે છે. (ઓર નહીં બસ ઓર નહીં ગમ કે પ્યાલે ઓર નહીં, દિલ મેં જગા નહીં બાકી રોક નજર તેરી સાકી)

**મુવી ટાઇમ**

ભારત કરે તો શું કરે? ખૂબ સંઘર્ષ કરે તો પણ રોટી, કપડાં અને મકાનનાં ઠેકાણાં નથી. પોતાના કહેવાય તે છૂટી રહ્યા છે. બહેનનાં લગ્નનું નક્કી થવામાં છે પણ ભારત પાસે બહેનને પરણાવવાના પૈસા નથી એટલે લગ્ન પણ અટકી જાય છે. એવામાં તેને એક તુલસી (મૌસમી ચેટરજી) નામની ગરીબ યુવતી મળે છે અને તેના મળ્યા પછી તે શાંતિ અનુભવે છે. તેને સરદાર હરનામસિંહ (પ્રેમનાથ) નામનો મિત્ર પણ છે જે ભારતને મદદ કરવા કાંઇ પણ કરવા માટે તૈયાર છે.

તુલસી જ્યારે બદમાશો વચ્ચે ફસાઈ ગયેલી ત્યારે હરનામે જ મદદ કરીને બચાવેલી. પણ ભારતની મુસીબતો હજુ પણ ઘટી નથી. નેકીરામ (મદનપુરી) નામનો એક ભ્રષ્ટ ધંધા કરનારો ભારતને ખોટા, ગેરરીતિવાળા ધંધામાં લગાડી દે છે અને ભારતને થાય છે કે પૈસા આવશે તો પોતાના કુટુંબને સારી જગ્યાએ લઇ જશે. પણ ભારત તો રાષ્ટ્રપ્રેમી છે. નીતિમાં માને છે. તે શું નેકીરામના ધંધામાં રહી શકે? આખર તે પોતાની નૈતિકતા જાળવી રાખે છે અને અંત બદલાઈ જાય છે.

નિર્માતા દિગ્દર્શક -લેખ મનોજકુમારે આખી ફિલ્મને મનોરંજક બનાવવાના પ્રયત્ન સાથે રાષ્ટ્રપ્રેમી તરીકેની ઇમેજ પણ જાળવાનો પૂરો પ્રયત્ન કર્યો છે.થોડું તાલમેલિયું લાગે તો પણ ઘટનાક્રમો, સારા ડાયલોગ અને લક્ષ્મીકાંત પ્યારેલાલના સંગીતને કારણે ફિલ્મ ગમે છે. સંતોષ આનંદે લખેલું 'મેં ના ભૂલુંગા, મેં ના ભૂલુંગી' ગીત તો આજે પણ લોકપ્રિય છે અને તે ઉપરાંત 'હાય હાય યે મજબૂરી, યે મૌસમ ઔર યે દૂરી (વર્મા મલિક) પંડિતજી મેરે મરને કે બાદ, ઓર નહીં બસ ઔર નહીં, મહેંગાઈ માર ગઇ સહિતનાં ગીતો ફિલ્મને મઝાની બનાવે છે. 1974ની ફિલ્મ છે એટલે 'ઝંઝીર' રજૂ થયા પછીના વર્ષની ફિલ્મ છે અને અમિતાભનું નામ આ ફિલ્મમાં પણ વિજય છે. એટલે લોકો મનોજકુમાર,અમિતાભ, શશી કપૂર, ઝિન્નત અમાન,




મૌસમીને આ ફિલ્મમાં જોઈ શકે છે. મનોજકુમારનું પાત્ર હંમેશા ટ્રેજેડીમાં જ હોય 'ઉપકાર' 'પૂરબ ઔર પશ્ચિમ' કે 'શોર'. આ ફિલ્મમાં પણ એવું છે છતાં એ ટ્રેજેડી સાથે પ્રણયત્રિકોણ, સગપણનાં સુખ-દુ:ખ, દેશનાં અપરાધી તત્ત્વો, સરહદની ચિંતા અને સામાન્ય માણસની માનવતા તેઓ સરસ રીતે ઉમેરી શકે છે.આ ફિલ્મ 18 ઓકટોબર 1974માં રજૂ થયેલી અને ખૂબ સફળ રહેલી. 'ઉપકાર' ફિલ્મ તેમણે 'જય જવાન જય કિસાન' વડા પ્રધાન લાલબહાદુર શાસ્ત્રીએ આપેલા સૂત્ર પર બનાવેલી તો આ ફિલ્મ ઇન્દિરા ગાંધીના કાર્યક્રમ સૂત આધારિત છે. 1974માં આ ફિલ્મે સૌથી વધુ કમાણી કરેલી અને તેના પછી 'પ્રેમનગર', 'રોટી', 'દોસ્ત', 'ચોર મચાયે શોર' ફિલ્મો રહેલી. એ વર્ષે અમિતાભની આ 'રોટી, કપડાં ઔર મકાન' ઉપરાંત 'મજબૂર', 'કસૌટી', 'બેનામ' રજૂ થયેલી. દિલીપકુમારની 'સગીના' રજૂ થયેલી અને રાજેશ ખન્નાની 'રોટી' ઉપરાંત 'આપ કી કસમ', 'અજનબી' રજૂ થયેલી. સંજીવકુમારની મસ્ત કોમેડી ફિલ્મ 'મનચલી' પણ આ વર્ષની છે. પણ રોટી, કપડાં ઔર મકાન'ની કમાણી ટોપ પર રહેલી. ●